**પ્રધાનમંત્રીએ ઘાનાની સંસદને સંબોધન કરી (03 જુલાઈ, 2025)**

03 જુલાઈ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ઘાનાની સંસદના એક વિશેષ સત્રને સંબોધિત કર્યું, આવું કરનાર તેઓ પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યા છે. સંસદના અધ્યક્ષ શ્રી અલ્બાન કિંગ્સફોર્ડ સુમાના બાગબિન દ્વારા આયોજિત આ સત્રમાં બંને દેશોના સંસદ સભ્યો, સરકારી અધિકારીઓ અને ખાસ મહેમાનો ઉપસ્થિત હતા. આ સંબોધન ભારત-ઘાના સંબંધો માટે એક મહત્વપૂર્ણ ક્ષણ હતી, જે બંને દેશોને એક કરનાર પરસ્પર સન્માન અને સહિયારા લોકતાંત્રિક મૂલ્યોને દર્શાવે છે.

2. તેમના સંબોધનમાં, પ્રધાનમંત્રીએ ભારત અને ઘાના વચ્ચેના ઐતિહાસિક સંબંધોને રેખાંકિત કર્યા, જે સ્વતંત્રતા માટેના સહિયારા સંઘર્ષો અને લોકશાહી અને સમાવેશી વિકાસ માટેની સમાન પ્રતિબદ્ધતા દ્વારા બનેલ છે. તેમણે ઘાનાના રાષ્ટ્રપતિ મહામહિમ જૉન ડ્રામાની મહામા અને ઘાનાના લોકોનો રાષ્ટ્રીય સન્માન બદલ આભાર માન્યો અને આને સ્થાયી મિત્રતાનું પ્રતીક ગણાવ્યું. ઘાનાના મહાન નેતા - ડૉ. ક્વામે નક્રૂમાના યોગદાનને સંદર્ભિત કરતાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, એકતા, શાંતિ અને ન્યાયના આદર્શ મજબૂત અને સ્થાયી ભાગીદારીનો પાયો છે.

3. ડૉ. નક્રૂમાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે, તેમણે એક વખત કહ્યું હતું કે, –"આપણને એક કરતી શક્તિઓ અંતર્નિહિત છે અને એ આરોપિત પ્રભાવો કરતાં ઘણી વધારે છે, જે આપણને અલગ રાખે છે." ડૉ. નક્રૂમા, જેમણે લોકશાહી સંસ્થાઓના નિર્માણના લાંબા ગાળાની અસર પર ભાર મૂક્યો હતો. આ જોતાં લોકશાહીની જનની તરીકે ભારતે પોતાની સંસ્કૃતિના ભાર રૂપે લોકશાહી નીતિ અપનાવી છે. પ્રધાનમંત્રીએ ભારતમાં લોકશાહીનાં ઊંડાં અને જીવંત મૂળ પર પ્રકાશ પાડ્યો. તેમણે ભારતની વિવિધતા અને લોકશાહી તાકાતને વિવિધતામાં એકતાની શક્તિના પ્રમાણ રૂપે પ્રતિબિંબિત કરી. તેમણે જળવાયુ પરિવર્તન, આતંકવાદ, મહામારી અને સાઇબર જોખમો જેવા વૈશ્વિક પડકારોને પણ રેખાંકિત કર્યા અને વૈશ્વિક શાસનમાં વિકાસશીલ દેશોના સામૂહિક અવાજ માટે આહવાન કર્યું. આ સંદર્ભમાં, તેમણે ભારતની અધ્યક્ષતા દરમિયાન આફ્રિકન સંઘને G20 ના સ્થાયી સભ્ય તરીકે સામેલ કરવા અંગે પ્રકાશ પાડ્યો.

4. પ્રધાનમંત્રીએ ઘાનાની જીવંત સંસદીય પ્રણાલીની પ્રશંસા કરી અને બંને દેશોની વિધાનસભાઓ વચ્ચે વધતા આદાન-પ્રદાન પર સંતોષ વ્યક્ત કર્યો. આ સંદર્ભમાં, તેમણે ઘાના-ભારત સંસદીય મૈત્રી સોસાયટીની સ્થાપનાનું સ્વાગત કર્યું. પ્રધાનમંત્રીએ ભારતના લોકો દ્વારા 2047 સુધીમાં દેશને એક વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરતાં કહ્યું કે, ભારત ઘાનાની પ્રગતિ અને સમૃદ્ધિની દિશામાં તેની સાથે ખભે-ખભો મિલાવીને ઊભું રહેશે.

5. પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સંબોધન અહીં જોઈ શકાય છે. here

અકરા

03 જુલાઈ, 2025